# ડાહી સ્ત્રી અબિગાઈલ

## (ફાધર વર્ગીસ પોલ)

દાવિદ રાજા શાઉલથી બચવા માટે પોતાના માણસો સાથે વગડામાં સંતાઈને રહેતા હતા તે સમયની આ વાત છે. માઓનમાં એક ધનિક માણસ રહેતો હતો. તેની મિલક્ત કામેર્લમાં હતી. તે ત્રણ હજાર ઘેટાં અને એક હજાર બકરાં ધરાવતો હતો. તેનું નામ નાબાલ હતું અને તેની પત્નીનું નામ અબિગાઈલ હતું. તે ખૂબ રૂપાળી અને બુદ્ધિશાળી બાઈ હતી, પણ તેનો ધણી હલકટ અને તોછડો હતો.

તે કામેર્લમાં પોતાનાં ઘેટાંનું ઊન ઉતરાવતો હતો. દાવિદને વગડામાં એવી ખબર મળી કે, નાબાલ ઘેટાનું ઊન ઉતરાવે છે. એટલે એણે દસ માણસોને એમ કહીને મોકલ્યા કે, તમે કામેર્લમાં નાબાલને જણાવજો કે કામેર્લમાં અમે તમારા ગોવાળ અને ઘેટાંબકરાંનું વગડામાં રક્ષણ કર્યું છે. તો ઘેટાંનું ઊન ઉતારવાના ઉત્સવને દિવસે આવનાર મારા માણસોને સત્કારીને યથાશક્તિ જે રુચે તે આપશો.

દાવિદના માણસોએ નાબાલને દાવિદનો સંદેશો પહોંચાડયો ત્યારે નાબાલે કહ્યું, “દાવિદ વળી કોણ છે? આ ઈશાઈનો દીકરો વળી કોણ છે? આજકાલ કેટલાય ગુલામો માલિક પાસેથી ભાગી જાય છે. આ લોકો ક્યાંથી આવતા હશે, કોને ખબર છે? શું મારા રોટલા અને દ્રાક્ષારસ અને મારા ઊન ઊતારનારા માટે ઝબે કરેલાં પશુઓ લઈ જઈને મારે એમને આપવાં?”

નાબાલની આ વાત પોતાના માણસો પાસેથી સાંભળીને દાવિદે પોતાના માણસોને કહ્યું, “દરેક માણસ તલવાર બાંધી લે!” દાવિદે પણ તલવાર બાંધી લીધી અને ચારસો માણસો દાવિદ સાથે ગયા ને બસો માણસો સામાન સાચવવા પાછળ રહ્યાં.

નાબાલના એક નોકરે નાબાલની પત્ની અબિગાઈલને દાવિદના માણસો અને નાબાલની વાત કહી અને તેણે ઉમેર્યું કે, “દાવિદના માણસો અમારી સાથે બહુ સારી રીતે વર્ત્યા હતા. અમે એમની સાથે ચરામાં હતા તે દરમ્યાન અમારું કશું ગયું નહોતું. અમે ઘેટાં સભાળતા હતાં, ત્યારે રાતદિવસ તેઓ અમારું રક્ષણ કરતા હતા. હવે આનો પુરો વિચાર કરી શું કરવું તે નક્કી કરો. નહિ તો આપણા માલિકનું અને તેમના આખા કુટુંબનું આવી બન્યું જાણો.”

અબિગાઈલ એક ખૂબ હિંમતવાન અને ડાહી સ્ત્રી હતી. એટલે તરત જ બસો રોટલા, દ્રાક્ષારસા બે કુપ્પા, પાંચ રાંધેલા તૈયાર ઘેટાં, પાંચ માપ ધાણી, સો ઝૂમખાં સૂકી દ્રાક્ષ અને સૂકાં અંજીરનાં બસો ચકતાં લઈને ગધેડા ઉપર ચડાવી દીધાં. પછી નોકરને આગળ મોકલીને અબિગાઈલ પણ એક ગધેડા ઉપર બેસીને પોતાના ધણીને કશુંય કહ્યા વિના દાવિદને મળવા નીકળી પડી.

પોતાના ઉપકારનો બદલો અપકારની આપનાર નાબાલ અને તેમના સમગ્ર કુટુંબને મારી નાખવા નીકળેલા દાવિદને અમે તેમના માણસોને અબિગાઈલ એક ટેકરી ઉપર વળાંક લેતાં સામે મળ્યા. દાવિદને જોતાં એને પગે પડીને અબિગાઈલ બોલી, "બધો દોષ હું માથે લઉં છું, મારા માલિક પણ આ દાસીને બોલવા દો અને આપ મારી વાત સાંભળો, તમે નકામા માણસ નાબલ ઉપર ધ્યાન આપશો નહિ. આપ મોકલેલા માણસો મારા જોવામાં આવ્યા નહોતા. મારા માલિક, પ્રભુએ જ આપને ખૂનરેજીથી અને પોતાને હાથે વેરનો બદલો લેવાથી રોક્યા છે. આ દાસી જે ભેટ લાવી છે તે આપના અને આપના માણસોને આપી દો. મારો જે કંઈ ગુનો થયો હોય તે માલિક માફ કરો. પ્રભુ આપને અને આપના વંશજોને કાયમ માટે રાજપદે સ્થાપનાર છે. અને પ્રભુ જ્યારે આપને બધી વાતે સુખી કરે ત્યારે આપ આ દાસીને સંભારજો."

દાવિદ અબિગાઈલના આચારવર્તન અને વાણીથી ખુશ થયા અને અબિગાઈલ જે લાવી હતી તેનો સ્વીકાર કર્યો અને કહ્યું. "નચિંત થઈને પાછી ઘેર જા, મેં તારી વાત સાંભળી છે અને હું તારી વિનંતી માન્ય રાખું છું."

દાવિદ સાથેની અબિગાઈલની આ પ્રથમ મુલાકાતમાં એના નીડર સ્વભાવનો આપણને ખ્યાલ આવે છે પોતાની પત્ની ભૂંડી હાલત કરવા આવનાર શક્તિશાળી દાવિદ અને એના રક્ષકદળ સામે અબિગાઈલ પોતાના પતિને પણ કહ્યા વગર એકલી જાય છે. તે ખૂબ હિંમત અને નમતાથી દાવિદ સમક્ષ પોતાની વાત રજૂ કરે છે. તે પોતાના પતિનો ગુનો પોતાના માથે લઈને દાવિદ પાસે માફી માગે છે. એટલું જ નહિ. પણ પોતે ખાસ તૈયાર કરીને લાવેલાં ખોરાક અને ભેટોથી દાવિદ અને તેમના માણસોને નવાજે છે.

દાવિદ અને તેમના માણસો અબિગાઈલના નિખાલસભર્યા વાણી-વર્તનથી એટલા ખુશ થયા કે તેઓ પોતાની સામેના અપમાનને જતું કરે છે અને તેઓ અબિગાઈલના પતિ સામે બદલો વાળવવાનો વિચાર જ માંડી વાળે છે. અબિગાઈલના શાણપણનું પણ અહીં દર્શન થાય છે. એ જાણે છે દાવિદ અને એમના માણસો જંગલમાં ભૂખ્યા છે. એટલે પોતાના ઉદ્ધત વર્તન કરનાર પતિ માટે માફી માગવા જતી અબિગાઈલ ખાલી હાથે નહિ, પણ ભૂખ્યા માણસોના જઠરાગ્નિને શમાવી ખુશ કરવા માટે ખાણાંપીણાંની ભેટ લઈને જાય છે.

દાવિદ સાથેની અબિગાઈબલની વાતમાંથી એની નમતા તેમજ તેની પત્ની અસ્મિતા અને તેના વ્યક્તિત્વનો પણ આપણને સારો ખ્યાલ મળે છે. એક ગૌરવવંત સ્ત્રી ઇને ભગવાનથી ડરીને ચાલનાર વ્યક્તિ તરીકે કે દાવિદને આશીર્વાદ આપે છે અને પોતાનું કાર્ય પતાવીને તે તરત જ પાછી વળી પોતાને ઘેર જાય છે. અહીં આપણે અબિગાઈલમાં એક ખૂબ ડાહી અને મુસ્દ્દી પત્નીને જોઈ શકીએ છીએ.

અબિગાઈલ પાછી ઘેર ગઈ ત્યારે નાબાલ કોઈ રાજાને છાજે એવી જયાફત માણસો હતો. તેને દારૂ ખૂબ ચડયો હતો. આથી અબિગાઈલે સવાર થતાં સુધી કંઈ જ કહ્યું નહિ. સવારે તેનો દારૂ ઊતરી ગયો ત્યારે અબિગાઈલે તેને બધું જ કહી સંભળાવ્યું. અબિગાઈલની વાતથી નાબાલને જબરો આઘાત લાગ્યો અને દસેક દિવસ પછી તે મરી ગયો.

જ્યારે દાવિદે જાણ્યું કે નાબાલ મૃત્યુ પામ્યો છે ત્યારે તેણે અબિગાઈલને લગ્નું કહેણ મોકલાવ્યું. દાવિદના માણસોએ અબિગાઈલને દાવિદનો સંદેશો આપ્યો ત્યારે અબિગાઈલે ઊઠીને જમીન ઉપર લાંબા થઈને પ્રમાણ કર્યા અને કહ્યું. "હું તો તોની દાસી છું. મારા માલિકના સેવકોના પગ પખાળવાને તૈયાર છું." તરત જ તે ઊભી થઈ અને ગધેડા ઉપર સાવર થઈ ગઈ. પોતાની પાંચ દાસીઓને લઈને તે દાવિદના માણસો સાથે ગઈ અને તેની પત્ની તરીકે રહી.

દાવિદ અને તેના માણસો તેમને આશરો આપનાર જોડે યુદ્ધ કરવા ગયા તે દરમિયાન અમાલેકીઓઓ યહૂદાના દક્ષિણ પ્રદેશમાં આક્રમણ કર્યું હતું. અમાલેકીઓએ બધી સ્ત્રીઓને અને તેમની સાથે નાનું મોટું જે કોઈ હતું તે સૌને કેદ પકડયાં હતાં. જ્યારે દાવિદ અને તેના માણસો પાછા આવ્યા ત્યારે તેમણે જોયું તો શહેરને બાળી મૂકવામાં આવ્યું હતું અને તેની સ્ત્રીઓને અને બાળબચ્ચાંને ઉપાડી જવામાં આવ્યાં હતાં. દાવિદની બે પત્નીઓને ઈઝરેલી અહિનોમને અને નાબાલની વિધવા કામેર્લની અબિગાઈસલને પણ કેદ પકડવામાં આવી હતી.

પણ દાવિદ અને તેમના માણસોએ અમાલેકીઓનો પીછો કર્યો ને હુમલાખોરોનો ભારે પ્રતિકાર કરીને અમાલેકીઓએ બાન પકડેલાં સૌને, પોતાની બે પત્નીઓને સુદ્ધાં દાવિદે છોડાવ્યા. પછી શાઉલના મરણ બાદ દાવિદ પોતાની બે પત્નીઓ, અહિનોમ અને બલિગાઈલને લઈને હેબ્રોન ગયો. અબિગાઈલ અને દાવિદ હેબ્રોનમાં હતા ત્યારે તેમને ખિલાબ નામે પુત્ર જન્મ્યો.

અબિગાઈલ સાથેના પ્રથમ મેળાપથી દાવિદ ખૂબ પ્રભાવિત થઈ ગયો હશે. એટલે જ એણે પોતાના માણસો અને પોતાને અપમાન કરનાર અબિગાઈલના પતિ નાબાલ સામે બદલો લેવાનું માંડી વાળ્યું. એટલું જ નહિ, પણ નાબાલના મૃત્યુના સમાચાર મળતાં દાવિદ અબિગાલને લગ્નનું કહેણ મોકલ્યું હતું અને વિધવા અબિગાઈલ દાવિદ સાથે પરણીને તેની તરીકે રહી છે.

અબિગાઈલ દાવિદને અનુરૂપ પત્ની હતી, દાવિદ જંગલમાં એક બહારવટિયા તરીકે જીવતો હતો ત્યારે અબિગાઈલ પોતાની બધી માલમતા લઈને દાવિદ પાસે આવી હતી. અબિગાઈલ પાસેથીજ દાવિદ ધીરજ અને સહનશીલતાના પાઠો શીખ્યો હશે. વધુને વધુ આત્મવિશ્વાસ કેળવવાની પ્રેરણા પણ દાવિદે અબિગાઈલ પાસેથી મેળવી હશે.

અબિગાઈલ સાથેના સહજીવન દરમ્યાન દાવિદે અબિગાઈલને પ્રથમ મેળાપ વખતે કહેલા શબ્દો ઘણી વાર કહ્યા હશે કે, "ધન્ય છે ઈસાયલના ઈશ્વર પ્રભુને, જેણે તને આજે મને મળવા મોકલી. ધન્ય છે તારી અકક્લને અને ધન્ય છે તને!"

(છેલ્લે બદલ્યાની તારીખઃ 16-01-2007)

(ફરી બદલ્યાની તારીખઃ 01-02-2007)

ફાધર વર્ગીસ પોલ (ઝ) કોપીરાઈટ 2007